સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

તોટા નથી એમની ખાયકીમાં, કોટા દબાવી દો!
જોટા નથી એમની ખંધાઇના, ટોટા દબાવી દો!
મોટા નથી એમની પંગતમાં, સોટા દબાવી દો!
ખોટા નથી એ બધા આરોપમાં, 'નોટા' દબાવી દો!
(ના પસંદગીનું બટન દબાવી દો!)

હાઈકુ

ચૂંટણી રેમ્પે,
ચાલે 'મોડેલ' બની
આ ગુજરાત!
(બિચારી પ્રજા!)

થયા છે બંધ
પ્રચાર પડઘમ
હાશ! થૈ શાંતિ...

ચિંતન

ધર્મસ્ય ફલ મિચ્છંતિ ધર્મ નેચ્છંતિ માનવાઃ । ફલં પાપસ્ય નેચ્છન્તિ પાપં કુર્વન્તિ સાદરાઃ ॥

લોકોને ધર્મ-સત્કાર્યો-નું ફળ-પરિણામ જોઇએ છે પણ ધર્મનું-કર્તવ્ય-ફરજ-સદાચારનું આચરણ કરવું નથી. પાપ-દુરાચાર-દુષ્કર્મોનું ફળ પરિણામ કોઇને ખપતું નથી પણ દુરાચાર-પાપાચર-ગર્વ-અભિમાનથી (જાણ કોઇ મહાન કાર્ય કરતા હોય તેમ) કરે છે.

આજે જે ધનિક, સત્તા-પદ અને સુખ-સુવિધા ભોગવે છે તે તેમનાં પૂર્વજન્મનાં કર્મો, સંચિત કર્મોનું ફળ ભોગવે છે પૂર્વના જન્મોમાં એમણે ધર્મકાર્યો અને દાન-પુણ્ય કર્યા હોય તો જ રાજસત્તા અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. લોકોને એવા જનોની ઇર્ષા આવે છે પણ જાતે આ જન્મમાં દાન-પુણ્ય કે ધર્મનું આચરણ કરતા નથી. બધાને પરિશ્રમ-વિના ફળ જોઇએ છે. પોતાને મળેલી ફરજ-કર્તવ્ય પણ નિષ્ઠાથી બજાવતાં નથી.

આજે આપણા જીવનમાં જે આપત્તિઓ-મુશ્કેલીઓ-દુખો-રોગો આવે છે એ પણ આપના પૂર્વજન્મોનાં દુષ્કૃત્યોનું જ પરિણામ છે તેથી જ રિબાઇએ છીએ. આમ છતાં પણ આ ક્ષણે પણ આપણે દુરાચાર-દુષ્કૃત્યોનો ત્યાગ કરતા નથી, ઉલ્ટું જાણે કોઇ મહાન કાર્ય કરતા હોઇએ એમ ગર્વભેર કર્યા કરીએ છીએ પછી સુખ-શાંતિ ક્યાંથી મળે?

સુવિચાર

- સામાન ઓછો હોય તો તિર્થયાત્રા સુગમ થાય અને પરિગ્રહ (સંગ્રહવૃત્તિ) ઓછો હોય તો જીવનયાત્રા સફળ થાય *- જ્ઞાનસૂત્ર*
- બોલીને જીતનાર કરતાં બોલીને પાયમાલ થનારાની સંખ્યા ઘણી મોટી છે- *એસ. ભટ્ટાચાર્ય*
- પાનખરમાં વસંત થવું મને ગમે છે, ચાદોની વર્ષામાં ભીંજાવું મને ગમે છે, આંખો તો ભીની રહેવાની જીવનમાં, પણ દુનિયાને હસાવતા રહેવું મને ગમે છે *- જગદીશ ત્રિવેદી*
- સુખી વ્યક્તિ આનંદમાં ના હોય તેવું બને પણ આનંદી વ્યક્તિ સુખી હોય છે - *માનસસૂત્ર*
- જ્યારે બીજાની ભૂલ હોય તો આપણે જલ્દી સમાધાન નીભાવના નથી કેળવતા... અને જો આપણી પોતાની ભૂલ હોય ત્યારે આપણે જલ્દી સમાધાન થાય એવી અપેક્ષા રાખતા હોઇએ છીએ *- શ્રીલંકન કહેવત*
- ઊંચા આસન પર બેસવાથી કંઇ ગૌરવ વધતું નથી, ગૌરવ તો ગુણોને કારણે આવે છે. કાગડો રાજમહેલના શિખર પર બેઠો હોય છે તો તેથી તે ગરૂડ કહેવાય નહીં- *હિતોપદેશ*
- કોક આવીને મદદ કરશે એવી આશામાં પરિશ્રમનો ત્યાગ ન કરવો, વાદળા ને આવતા જોઇ ઘડો ફોડી નાખવો એ હોંશિયારી નથી *- જાપાની કહેવત*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આદિ પૂજ્યશ્રી શંકરાચાર્યએ સમુદ્રકાંઠે - પર્વત પર આશ્રમ સ્થાપ્યા (ચારે દિશામાં) એવી જ રીતે આપણા પૂર્વજો-સંતો-વિચારકો એ પર્વતો પર પર યાત્રાધામ સ્થાપ્યાં એમના મનમાં એમ કે અમારાં સંતાનો પગે ચાલી પરિશ્રમ કરી કસરત કરે અને પ્રકૃતિ સૌંદર્ય પણ માણે! એમને કલ્પના પણ નહીં હોય કે અમારી પ્રજા 'ઉડન ખટોલા-'ટ્રક્ક-ઘોડા-ડોલીમાં બેસી અમારી 'શોચ' પર પાણી ફેરવી નાખશે.

એક ધનિક શેઠને પગે-મોઢાં પર સોજા થઇ ગયા. ફાંદ વધી ગઇ ઉઠબેસમાં પણ તકલીફ શરૂ થઇ. વૈદ્ય પાસે ગયા. વૈદ્યે કહ્યું એક મહિનામાં બધું જ મટાડી દઉં પણ હું કહું એમ કરવું - શેઠ સમંત થયા.

વૈદ્યે રોજની એક એમ ત્રીસ પડીકી આપી કહ્યું રોજ સવારે સાત વાગે-તમારા કપાળમાં 'પરસેવો' થાય તેનાં પાંચ ટીપાં આ ભૂકીમાં નાખી ચાટી જજો!

શેઠ એક મહિનામાં હળવા ફૂલ-સીધા સૂકાઇને સોટા જેવા થઇ ગયા. વૈદ્યની પાસે સાભાર માનવા ગયા પૂછ્યું એ મીઠી ભૂકી હતી શેની? વૈદ્ય કહે એ તો દળેલી ખાંડ જ હતી. પણ સવારે કપાળે પાંચ ટીપાં પરસેવો લાવવા તમે શું કર્યું?

શેઠે દોડવા-દોરડાં કૂદવા વગેરે કસરતની વાત કરી. વૈદ્ય કહે ખરેખર તો તમને ચાલવા-કસરતની જ જરૂર હતી. પડીકી તો બ્હાનું હતું...

Email - sureshchandrabhatt18@gmail.com

અબકી બાર 'ભાજપ સરકાર' કે 'મોદી સરકાર' ?

ચૂંટણીનાં પ્રતિબિંબ

- ડંકેશ ઓઝા

ભરઉનાળે ચાલી રહેલી ચૂંટણીમાં ગરમાવો જળવાઇ રહ્યો છે. આક્ષેપો અને પ્રતિઆક્ષેપો, બફાટો, હુમલાઓ વગેરે થતાં રહ્યા છે. ચૂંટણીની આ મજા છે. કાચના ઘરમાં રહેનારાઓએ બીજાને પથ્થર ન મારવા જોઇએ એવું કહેવાયુ છે પરંતુ અહીં તો 'હમામ મેં સબ નંગે હે' વાળે ઘાટ છે. બાઇબલની કથાઓ તો એવી હતી કે જેણે પાપ કર્યુ ન એ કે, તે પથ્થર પહેલો ફેંકે. આવી બધી વાતો સાંભલતા રાજકારણીઓને રોકી શકાય તેમ નથી. રમતાં છોકરાં સતોડિયું તોડીને ભાગી જાય, છૂપાઇ જાય, એવું આ બધાં રાજનેતાઓ કરી રહ્યાં છે!

નરેન્દ્ર મોદી ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર છે અને એથી આગળ વધીને કહેવું હોય તો ઉમેદવારથી વધીને 'દાવેદાર' વધુ છે. 'અબકી બાર, ભાજપ સરકાર' એમ નહિ પણ, 'અબકી બાર મોદી સરકાર' એવાં હોર્ડિંગ્સ લગાવાયાં છે. બીજી તરફ, રાહુલ ગાંધી છે જેમને કોંગ્રેસે વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે ભલે જાહેર ન કર્યાં હોય પરંતુ ચૂંટણી જીતાય તો ખુરશી એમને મળવાની છે એ આખો દેશ જાણે છે. આપણે ત્યાં અમેરિકી પ્રમુખશાહી નથી. તેમ છતાં, મોદીએ ભારતની સંસદીય ચૂંટણીઓને અમેરિકી પ્રમુખશાહીની ચૂંટણી હોય એવી બનાવી મૂકી છે અને લોકો રાહુલની સરખામણીએ મોદીને મજબૂત ઉમેદવાર માનવા લાગ્યા છે.

પ્રમાણમાં હિંસક હુમલા ઓછા થયા છે. જે થયા છે તે આમ આદમી પાર્ટીનાં અરવિંદ કેજરીવાલ પર જ વધુ થયા છે. દિલ્હી પછી ભારતભરમાં વ્યાપી વળવાનું કેજરીવાલનું સ્વપ્ન સાકાર થવાના ઝાઝા અણસાર નથી. પરંતુ તેઓ ભાજપના કે કોંગ્રેસના કોના મત વધુ તોડશે એ બાબતે બંને મુખ્ય રાજકીય પક્ષો ચિંતિત અને તનાવગ્રસ્ત છે. તેઓ મતદારોને એવું ઠસાવી રહ્યા છે કે 'આપ'ને આપેલો મત નિષ્ફળ જવાનો છે. મતદારો ખરેખર મૂંઝાયા છે. મૂંઝવણ એ છે કે કોઇ મતદાર એવું ઇચ્છતો નથી કે પોતાનો મૂલ્યવાન મત નકામો જાય. પાંચ વર્ષે એક વાર પ્રાપ્ત થતું બ્રહ્માસ્ત્ર ફળદાયી ન નીવડે એ મતદારને પણ પોષાતું નથી. તેણે પણ એવું લાગ્યા કરે ઓછે કે હું જેને મત આપું તે જીતવો જોઇએ! પછી તે બીજા અંતિમે પહોંચી જાય છે. વિચારે છે કે આ વખતે કોણ જીતે એમ છે એને ક્યારેક એ મત આપી આવે છે. આ મતનો ઘરાર દુરૂપયોગ છે. પોતે જેને મત આપવા ઇચ્છતા હોય તેને જ મત આપો. તે ચૂંટાય કે ન ચૂંટાય તેની ચિંતા બાજુ પર મુકી દો. ભગવદ્ ગીતાનો સંદેશ અહીં કામે લાગશે. તું કર્મ કર અને ફળની આશા ન રાખ. તું જેને યોગ્ય ગણે છે તેણે જ મત આપ.

લોકશાહીતંત્રમાં ચૂંટણીઓ વખતે સારા ઉમેદવાર તો શોધ્યા જડતા નથી કારણ રાજકીય પક્ષોએ એવા ઉભા રાખ્યા જ નથી! તેથી 'લેસર ઇવીલ' એટલે કે ઓછા ખરાબની શોખ કરવાનો પરિશ્રમ કરવાનો આવે છે. બંને પક્ષો વચ્ચે કોઇ વૈચારિક તફાવત ઝાઝો વર્તાતો નથી. કોંગ્રેસનું ભાજપીકરણ અને ભાજપનું કોંગ્રેસીકરણ થવામાં ભાગ્યે જ કશું બાકી છે. જાતિવાદ, કોમવાદ, પ્રદેશવાદ, ભ્રષ્ટાચાર, ઉદારીકરણ આ બધામાં બંને એક છે. નાગનાથ અને સાપનાથમાં ભેદ ક્યાંથી હોઇ શકે? અને છતાં, બંને ઉછળી ઉછળીને પોતાનો દાવો રજૂ કરી રહ્યા છે! સામ્યવાદીઓ પશ્ચિમ બંગાળનો ગઢ તૂટ્યા પછી એવા તો ખોવાઇ ગયા છે કે શોધ્યા જડતા નથી.

શરદ પવાર જેવા અનુભવી રાજનેતા એવું કહે કે ટપકું ભૂંસીને બીજીવાર મત આપી આવજો અને ચૂંટણીપંચ તેમને કશું ન કરે તે પછી જ બાકીના બધામાં એલફેલ બોલવાનું જોર આવ્યું છે. બદલો લેવાની વાત હોય કે મુસ્લિમો સેક્યુલર નહિ પણ કોમવાદી બને એવી વાત હોય. આ બધું ચૂંટણીપંચ વેઠી રહ્યું છે. ટી.એન. શેષાન ચૂંટણી કમિશ્નર હતા અને જે ફૂંફાડા તેમણે માર્યા ત્યારે દેશને ખબર પડી કે ચૂંટણીપંચ શી બલા છે અને તે શું કરી શકે તેમ છે! એ પણ રાજકારણમાં નસીબ અજમાવીને ખોવાઇ ગયા. પરંતુ ત્યાર પછીના ચૂંટણી કમિશ્નરો વધુ બળવત્તર બનવા જોઇએ તેમ બન્યું નહિ. આજે તો વડાપ્રદાન પદના દાવેદાર ચૂંટણીપંચને પડકાર ફેંકી રહ્યા છે. ફીરોઝાબાદમાં નિષ્પક્ષ ચૂંટણી કરાવો નહિ તો હું જોઇ લઇશ અને અમે અમારા સીસી કેમેરા લગાવીશું ત્યાં સુધીનો ડારો દેખાય છે.

ભારતમાં પ્રજા મજબૂત ઉમેદવાર કદાચ એટલે જ પસંદ કરે છે કે આટલો વૈવિધ્યપૂર્ણ દેશ ઠીલા પોચા માણસથી સંભાળવાનું મુશ્કેલ છે. નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા પાછળ ભારતના લોકોની આ માનસિકતા પડેલી છે. પછી તેમાં હિન્દુત્વ કે મોદીત્વ ઉમેરાય છે. પછી માર્કેટીંગ ઉમેરાય છે. પછી જુઠ્ઠાણાં ઉમેરાય છે. એક પરદેશી પત્રકાર મિત્રે આંખ અને કાનના ડોકટરની તપાસ આદરી. કોઇએ તેને જાણીતા (ENT) સર્જનનું નામ આપ્યું. તેણે કહ્યું કે મારે એ સર્જનની જરૂર નથી. મને એ ખબર નથી પડતી કે મારા શરીરના બે અંગોમાંથી હું કોને સાચું ગણું? કાને સાંભળવા મળે છે તે જુદું હોય છે અને આંખે જોવા મળે છે તે જુદું હોય છે બેનો તાળો મળે એવું કંઇ દેખાતું સંભળાતું નથી ત્યારે કરવું શું?

મોટાભાગના ઉમેદવારો ઓછું ભણેલા છે. ઘણાં બધા જ્યાંથી લડે છે ત્યાં રહેતા નથી. કેટલા બધા ઉમેદવારો પક્ષપલટો કરીને આવેલા છે. પક્ષો તેમને પાણીની છાંટ નાખીને કે દૂધે ધોઇને સ્વીકારી લીધા છે. સંઘના જૂના સ્વયંસેવકો એવું કહે છે કે આવા ઉમેદવારો માટે પ્રચાર કરવાનું તેમનું મન માનતું નથી. કેટલા બધા લાખોપતિ અને કરોડપતિ છે, કેટલા બધા ગુનેગારો છે, વારંવાર ચૂંટાતા હોય છે એવા કાટલાંછાપ ઉમેદવારો ફરી માથે મરાયા છે. આ બધાની વચ્ચે યોગ્યતા કેવી રીતે ખોળવી કે કેવી રીતે નક્કી કરવી?

મતદાર પવિત્ર છે. મત આપવો જ જોઇએ એ બધી વાત સાચી પરંતુ એવા ઉમેદવારો પણ નજર સાચે હોવા તો જોઇએ ને! ઘણા બધા રાજ્યોમાં મતદાન થઇ ગયું છે એને બાકીનામાં થઇ રહ્યું છે. આટલી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં મતદાનની ટકાવારી ઊંચી જઇ રહી છે. એ એક શુભ ચિહ્ન છે. લોકશાહી માટે 'સારા દિવસો'ની સાહેદી છે.

કોઇને ખબર નથી કે સોળમી મે એ કોથળામાંથી ક્યું બિલાડું નીકળશે! પ્રાદેશિક પક્ષો કેવું જોર બતાવે છે, કેટલી બેઠકો લઇ આવે છે તેના પરથી નવા ભિલ્લુઓની શોધ શરૂ થશે અને પુષ્કળ ખેંચાતાણી પણ ચાલશે. આશા રાખીએ ભારતની લોકશાહીનું ભાવિ ઉજ્જવળ હોય!

'2 States', '2 Hearts', '2 Family', '2 Different Culture'

વિચારયાત્રા

- ડો. જય ઓઝા

થોડું મોડું મોડું પરંતુ ગઇકાલે ચેતન ભગતની નવલકથા પરથી બનેલ '૨ સ્ટેટ્સ' જોઇ. ખુબ જ સુંદર છે...

છોકરો-છોકરી મળે, મિત્ર બને, પ્રેમ પાંગરે... સાથે જીવવા-મરવાના સમ ખવાય પછી! લગ્ન માટે બંને પરિવારને મનાવવાની કસરત શરૂ થઇ જાય.. પ્રેમ અને પછી લગ્ન આ બે વચ્ચેનો જે સમય છે, તે છોકરા અને છોકરી માટે ખૂબ જ સ્ટ્રેસનો સમય હોય છે.

'લવ-મેરેજ' હોય એટલે જાણે... પ્રેમ કરતા યુવક-યુવતીએ અચાનક જ મોટા બની જવું પડે છે... મેચ્યોર બનીને એકબીજાના પરિવારને કન્વીન્સ કરવા માટે લગ્ન થાય ત્યાં સુધી બધું સમુ-સુતરૂ પાર પડે ત્યાં સુધી પોતે જ પોતાના મા-બાપ બનીને વ્યવહારૂ બની જવું પડે છે.

Love at First Site, થયા પછી સપનાના ઘોડાપુર દોડાવતા-દોડાવતા રાજકુમાર અને રાજકુમારી બનીને સફેદ પાબાળા ઘોડા પર દુનિયાના શાંત ખૂણે પોતાની દુનિયામાં સ્વર્ગ જેવું વાતાવરણ સર્જવાના સ્વપ્ન લગ્ન માટે કન્વીન્સ કરવાની પળોજળમાં ક્યાંક પાછળ છૂટી જાય છે...

એરેન્જ મેરેજ હોય ત્યારે છોકરા-છોકરીનું માત્ર એક જ કામ હોય છે, લગ્ન પહેલાં ૧૦ મિનિટ જે મુખ-દર્શનની વિધિ થાય તેમાં એકબીજાને જોઇને... બે-ચાર ટીપીકલ સવાલ પુછીને 'હા' પાડી દેવાની... બસ! ખલાસ! પછી બધું વડીલો સંભાળી લે છે.

જ્યારે 'લવ-મેરેજ'માં આનાથી બિલકુલ વિપરીત હોય છે... બધું જાણે છોકરા-છોકરીના ખભા પર જ આવી જાય છે...

પ્રેમ પછી લગ્ન સુધી જે વચ્ચેનો સમય છે તે ખૂબ જ ટેન્શનવાળો હોય છે... જો આ દરમિયાન બંને યુવક-યુવતી પોત-પોતાનું મેન્ટલ બેલેન્સ ગુમાવી બેસે, અથવા થોડી એકબીજાને સમજવામાં ગેપ પડે કે તરત જ તેમની રિલેશનશીપ પર અસર પડે છે.

'૨ સ્ટેટ્સ' એટલે હીરો-હીરોઇન બંને માત્ર દીકરો કે દીકરી ન બની રહેતા પોત-પોતાના પરિવારના રિપ્રેઝનન્ટેટીવ બની જાય છે...

અર્જુન કપુર અને આલીયા ભટ્ટ બંનેનો અભિનય મસ્ત છે... 'હાઇવે' પછી '૨ સ્ટેટ્સ' બેક-ટુ-બેક બે સુપર્બ ફિલ્મ આપીને આલીયા ભટ્ટે પોતાની જાતને ઇન્ડસ્ટ્રીમાં સાબિત કરી દીધી છે...

ફિલ્મનું મ્યુઝીક હજુ થોડું વધારે મેલોડિયસ થઇ શક્યું હોત... 'લોચા એ ઉલ્ફત્...' જેવા એક-બે સારા ગીત સિવાય Music Punch નથી...

૨૧મી સદી આવી ગઇ હોવા છતા પણ હજી આપણે ત્યાં પ્રેમલગ્ન અને તેમાંય જ્ઞાતિબહાર, બીજી કોમ્યુનીટીનાં પ્રેમલગ્ન પર વડીલોના નાકના ટીચકાં ચડેલા નજરે ચડે છે...

શું માતા-પિતાને એ વાતનો ઇગો કલેશ થતો હશે કે મારા દીકરા કે દીકરીએ પોતાની મરજી વિરૂદ્ધ જે પસંદગી કરી છે, તે મલાલ રહેતો હશે! હવે એ તો પોતે મા-બાપ બને ત્યારે ખબર પડે...

દીકરાએ શોધેલી છોકરી 'વહુ' તરીકે સાસુની સેવા કરશે જ નહીં તેવી સજ્જડ માનસિકતા સાથે તેને અપનાવવાનો સાથે રહીને સાથે ન રહેવાની જે દશા હોય છે, તે અસહનીય હોય છે...

પિક્ચરની શરૂઆત IIM AHMEADABAD માં પ્રેમ પાંગરવાથી થાય છે, ત્યારબાદ અર્જુન કપુર સૌપ્રતમ તામિલીયન બ્રાહ્મણ ફેમિલીને મનાવવા આલીયા ભટ્ટના ફેમીલીને કન્વીન્સ કરવા ચેન્નાઇ પહોંચે છે... મહા પરાણે જાત-જાત અને ભાત-ભાતના પાપડ વણ્યા પછી કંઇક થાળે પડે પછી આલીયા ભટ્ટ અર્જુન કપુરના પંજાબી ફેમીલીને કન્વીન્સ કરવા માટે દિલ્હી ઊપડે છે...

All and All Movie ખૂબ જ મસ્ત છે... માતા-પિતા અને દીકરા-દીકરીની ખૂબ જ સમજણ ભરી માનસિકતા સંબંધ ઉજાળે છે...



બંનેએ પોત-પોતાની રીતે ખૂબ જ પ્રયત્ન કર્યા પછી હજી મેળ પડતો નથી ત્યારે બંને જણ નક્કી કરે છે કે, એક ચાન્સ લઇએ... બંને ફેમીલી સાથે વેકેશન પર જવાનું નક્કી કરે છે... પણ As It is બંને પરિવાર વચ્ચે Ego Problem થયા વગર રહેતો નથી, અને આખરે થાકીને બંને અર્જુન કપુર અને આલીયા ભટ્ટ છૂટા પડી જાય છે... કારણ એક જ છે કે બેમાંથી એક પણ માતાપિતાનું દિલ દુભવવા નથી માગતા... માતા-પિતાના આશીર્વાદ વગર લગ્ન નથી કરવા માંગતા...

આખરે અર્જુન કપૂરના પિતા (રોહિત રોય) આગળ આવે છે અને પોતે ચેન્નાઇ જઇને બધું સુલટાવે છે... અને આખરે Happy Ending આવે છે.

અર્જુનના માતા-પિતા તરીકે અમૃતાસિંધે અને રોહિત રોયે ખૂબ જ સરસ અભિનય આપ્યો છે... એ બંને વચ્ચે જ ખટરાગ હોય છે, જે દીકરાના લગ્નના કારણે પાછી પાટે ચડે છે...

All and All Movie ખૂબ જ મસ્ત છે... માતા-પિતા અને દીકરા-દીકરીની ખૂબ જ સમજણ ભરી માનસિકતા સંબંધ ઉજાળે છે...

કર્મ, ધર્મ, વ્યવહાર અને ઉદ્યોગ સાથે તાલ મિલાવતા ઉદ્યોગકાર શ્રી વજુભાઇ ખારેચા

મોંઘેરા મોતી

- નટવર આહલપરા

જીવનમાં આવતા વળાંક માનવીને ઘણું બધું શિખવી જાય છે. ૧૯૮૫ની સાલમાં જામનગરમાં કુદરતી પ્રકોપ હતો. ગાયોના ઘાસચારા આપવાનું પોતાના કારખાના પાસે શરૂં કરનાર સેવાભાવી વ્યક્તિત્વનું નામ છે વજુભાઇ ખારેચા. પછી તો ૬૦૦ ગાયો તથા ૨૮૦૦ બળદો કેટલ કેમ્પમાં થઇ ગયાં હતાં. ખજાનચી પદે રહી વજુભાઇએ કુનેહથી રજીસ્ટર ટ્રસ્ટ બનાવ્યું. સરકારશ્રીની સબસીડી મળી અને ઉપરથી કારખાનેદાર મિત્રોનો અભૂતપૂર્વ સહકાર મળ્યો હતો. કલેકટર પરમાર પ્રભાવિત થઇ બોલ્યા હતા : 'આ કેટલ કેમ્પમાં થતી પશુની સાર-સંભાળ, સાચવણી મેં અન્ય જગ્યા એ જોઇ નથી!' દુષ્કાળનો કાળક્રમ પુરો થતાં ટ્રસ્ટ પાસે ૧૩ લાખ જેવી માતબર રકમ એકત્રિત થઇ હતી. સદ્‌ભાવનાથી પ્રેરાઇને મોરારી બાપુના વરદ્ હસ્તે જુદી જુદી કાયમી ગૌશાળાઓને જામનગર ફેક્ટરી એસોસીએશન દ્વારા રકમ અર્પણ કરવામાં આવી હતી. અહીં વજુભાઇમાં રહેલા ઉદારતાના દર્શન થાય છે.

ચિંતક બર્ટાંડ રસેલની પંક્તિ રજૂ કરવી ગમે જ,

કર્મને પ્રેરણા પ્રેમની હોય,
પણ દોરવણી બુદ્ધિની હોય.



વજુભાઇ જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિમાં, વિશ્વકર્મા એજ્યુકેશન ટ્રસ્ટમાં તો સક્રિય છે પણ અન્ય સંસ્થાઓમાં તેમનું પ્રદાન ઘણું રહ્યું છે. જામનગર ચેમ્બરને ૭૫ વર્ષ પુરા થયાં ત્યારે ગુજરાતના ગર્વનર નવલ કિશોર શર્મા તથા મુખ્યમંત્રી નરેન્દ્રભાઇની વિશેષ ઉપસ્થિતિમાં રિલાયન્સનાં સહયોગથી ૩૫૦ સીટના ઓડિટોરિયમ તથા ઓફિસ નિર્માણ થઇ. તા. ૯-૪-૨૦૧૧ના રોજ ચેમ્બર દ્વારા કાર્યક્રમમાં સમગ્ર માર્ગદર્શનની જવાબદારી વજુભાઇ ખારેચાને સોંપવામાં આવી હતી એ પણ પ્રતિભાસંપન્ન ઘટના કહી શકાય.

અહમ્, ઓછું શિક્ષણ, જડતા, મોટું મન ન રાખી શકવાની નબળાઇ, સ્વાર્થ અને જીદ્દીપણાથી વ્યક્તિ, પરિવાર, સમાજ અને રાષ્ટ્રને ઘણું નુકસાન થઇ રહ્યું છે. જામનગર ગુર્જર સુતાર જ્ઞાતિમાં ૧૯૯૨-૯૩ સંવાદ સાધવામાં ભૂમિકા ભજવનાર વજુભાઇ ખારેચા હતા. કાર્યભાર સંભાળ્યો અને સર્જનાત્મક કામ કર્યું તેમાં લક્ષ્મીનારાયણ મંદિરનો જીર્ણોદ્ધાર, વસ્તી પત્રક પ્રકાશન, અને જ્ઞાતિના સૂત્રધારોના અભિવાદનના કાર્યો મુખ્ય હતા.

ક્યાંક કશું ખૂટતું લાગ્યું! વજુભાઇએ સાથી મિત્રોનાં સાથમાં વિચાર્યું કે 'ક્યાંક શિક્ષણ, સમજણ અને પોઝીટીવ વિચારોનો અભાવ માત્ર છે.' સૌને વિશ્વાસમાં લઇ નવી પેઢી શિક્ષિત અને દિક્ષિત બને તેવા શુભ હેતુથી વર્ષ ૨૦૧૦ વિશ્વકર્મા એજ્યુકેશન ટ્રસ્ટ નામે સંસ્થાનો પ્રારંભ થયો જે આજપર્યંત ખૂબ જ પ્રશંસનીય રીતે કામ થઇ રહ્યું છે. જે અન્ય સૌ માટે પ્રેરક છે ઉદાહરણનીય છે.

અહીં ચાણક્યનું સૂત્ર પ્રસ્તુત છે :

'કોઇ પણ રાજ્યે, સંસ્થાને પોતાનાં વિકાસ અને વૃદ્ધિ માટે તથા સફળ શાસન માટે અમુક નિશ્ચિત નિયમોનું પાલન કરવું જ જોઇએ.'

વજુભાઇ કહે છે કે, 'મારી જિંદગીની યાદગાર ક્ષણ વર્ણવતાં ૧૯૮૦માં હું જ્યારે એક વણિક પરિવાર સાથે ભાગીદાર હતો અને મારે ભાગીદારીમાં વિવાદ, વાંધા થયા ત્યારે મારા સસરા દેવરામભાઇ અને જ્ઞાતિમાં જુદા જુદા આગેવાન પાસે આ વિવાદમાં મધ્યસ્થી થવા માટે સમજાવેલ છતાં કોઇ આગેવાન તૈયાર થયા નહતા તેમાં હું સ્વ. મનુભાઇ દામજીભાઇ વિશરોલીયાને છેલ્લે મળેલો પરંતુ તેઓની તબિયત બહુ જ ખરાબ હોવા છતાં તેઓ એ મારી વાતમાં રસ લઇ મારા ભાગીદારનાં કુટુંબનાં વડાને ફોનથી જણાવેલ કે અમારાભાઇને જો અન્યાય થશે તો મારે આ પથારીમાંથી ઊભા થઇ ત્યાં આવવું પડશે. ત્યારે મારાથી મનુભાઇને કહેવાય ગયેલ કે બસ મનુભાઇ મારી સાથે એક સિંહ છે હવે હું મારી રીતે મારૂં કામ આટોપી લઇશ.'

તા. ૨૨-૧૨-૧૯૫૦ જન્મેલા વજુભાઇનું મૂળ વતન જોડિયા ગામ છે. પિતા ગોવિંદભાઇ અને માતા નિર્મળાબહેનની પાઠશાળામાં ઘડાયેલા વજુભાઇનો અભ્યાસ એસ.એસ.સી. સુધીનો પણ કુનેહ જબરી છે. તેમનાં ધર્મપત્ની જયોત્સના બહેન એસ.એસ.સી. સુધી ભણ્યા છે. અમિત, વર્ષા અને સ્વાતિના પિતા વજુભાઇને ટી.વી.ની હાસ્ય, ડિસ્કવરી અને નેશનલ જીઓગ્રાફી સિરીયલ ગમે છે. ઉપવાસ - એકટાણાં નહીં પણ જાતે પાઠપૂજા કરે છે. ગોકુલ-મથુરા, વૃંદાવન, કૈલાસ માનસરોવર પ્રવાસ કરી ચૂકાલે વજુભાઇ જામનગર ચેમ્બર ઓફ્ને કોમર્સ, ધી નવા નગર કો.ઓ.બેંક લી, શ્રી વિશ્વકર્મા એજ્યુકેશન ટ્રસ્ટમાં, ગુર્જર સુતાર કન્યા છાયાલય, રાજકોટ તેમજ કારેખા પરિવાર કુળદેવી ટ્રસ્ટમાં પ્રમુખ પદે કાર્યરત છે.

વજુભાઇ વ્યવસાયિક ક્ષેત્રમાં સ્વાતિ પ્રોડકટ્સ નામે પેન્સીલ શાર્પનર મેન્યુફ્રેકચરનાં વ્યવસાય સાથે જોડાયેલા છે. તેમના પુત્ર અમિત પણ સાથે વ્યવસાયમાં જોડાયેલા છે. ૧૯૯૬માં એકસ્પોર્ટ કરે છે. અત્યારે સુધી જર્મનીમાં યોજાતા સ્ટેશનરી પ્રદર્શનમાં સ્ટોલ પણ રાખે છે. ઇઇપીસી માથી એક્ષપર્ટ એવોર્ડ કંપનીને મહારાષ્ટ્રનાં ગર્વનર કિષ્નામૂર્તિનાં હસ્તે મળેલ છે. જમીન તથા બાંધકામનાં વ્યવસાયમાં અગાઉ ૫૩ ફ્લેટો સુંદરમ્ કોમ્પલેક્ષ નામે બનાવેલ જેમાંથી ૪૨ ફ્લેટો જ્ઞાતિનાં ભાઇઓને માસિક ૩ થી ૪ હજારનાં હપ્તે વગર વ્યાજે આપેલ. જે જ્ઞાતિજનો આજ દિવસ સુધી દુવાઓ આપે છે. હાલમાં ૨૩૦ ફ્લેટો બનાવવાનું કામ ચાલું છે. જેમાં વિશ્વકર્મા કૃપા સાથે વધુ જ્ઞાતિજનો ને મદદરૂપ થવાની ઇચ્છાઓ સાથે આ કાર્ય કરી રહ્યો છે. પ્રોડકટસના સૂત્રધાર-ઉદ્યોગકાર વજુભાઇ સમાજની અને રાષ્ટ્રની સેવાઓ વધુને વધુ કરતા રહે તેવી શુભેચ્છાઓ. તેમના મો.નં છે : ૯૮૨૪૨૧૩૩૬૦